**E-Mail**

કમિશનર શાળાઓની કચેરી,

વિદ્યા સમીક્ષા કેન્દ્ર, બીજો માળ,

સેક્ટર-૧૯, ગાંધીનગર

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,

જિ.તમામ.

વિષય: Digital Gujarat Portal પર અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ માટેની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય યોજનાની કામગીરી બાબત.

(વર્ષ ૨૦૨૫-૨૬) (ધોરણ ૧ થી ૧૦)

સંદર્ભ: નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગરના પત્ર નં.અજાક/ગ-૧/૫/૨૦૨૫-૨૬/૩૩૯૦-૩૪૨૨, તા.૧૨/૦૮/૨૦૨૫

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, Digital Gujarat Portal પર SC વિદ્યાર્થીઓની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય યોજનાઓની કામગીરી બાબતે યોજનાઓની દરખાસ્તો તમામ શાળાઓ દ્વારા (પ્રાઇવેટ શાળાઓ સહિત) સમયમર્યાદામાં ઓનલાઇન મોકલવામાં આવે તેમજ પાત્રતા ધરાવતા કોઇ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ/સહાયથી વંચિત ન રહી જાય તે માટે કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ થવા શાળાના આચાર્યોને જરૂરી સૂચના આપવા જણાવેલ છે. આ સાથે સામેલ અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીના સંદર્ભના પત્રની નકલ સામેલ છે.

બિડાણ: ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક

(માધ્યમિક)

કમિશનર શાળાઓની કચેરી,

ગુ.રા.ગાંધીનગર

નકલ રવાના જાણ સારૂ:

નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, બ્લોક નં-૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

Signature valid
Signed by:Jayeshbhai Mohanbhai Patel
Deputy Director
Date: 2025.10.06 12:26:38 +05:30

ખાસ જરૂરી

નં.અજાક/ગ-૧/૫/૨૫-૨૬/૩૩૯૦ - ૩૪૨૨
નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ
૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
E-mail: dd1-dscw@gujarat.gov.in
તા.૧૨/૦૯/૨૦૨૫

કમિશ્નર શાળાઓની કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
20 SEP
20728

પ્રતિ,
કમિશ્નરશ્રી,
કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,
સમગ્ર શિક્ષા અભિયાન, વિદ્યા સમિક્ષા કેંદ્ર,
સેક્ટર-૧૯, ગાધીનગર

વિષય:- Digital Gujarat Portal પર SC વિદ્યાર્થીઓની પ્રિમેટ્રીક મેટ્રીક શિષ્યવૃતિ / ગણવેશ સહાય યોજનાઓની કામગીરી બાબત (શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬) (ધોરણ:૧ થી ૧૦)

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ/સહાયનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જગ્યાએથી ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર (D.B.T.)થી ચુકવી શકાય તે હેતુ થી રાજ્ય સરકારશ્રી દ્વારા Digital Gujarat Portal ડેવલોપ કરવામાં આવેલ છે. શાળાના આચાર્યશ્રીઓના સહકારથી ઉક્ત પોર્ટલ મારફત વિદ્યાર્થીઓની ઓનલાઇન દરખાસ્તો મંગાવી શિષ્યવૃતિ/ગણવેશ સહાય/સાયકલ સહાય યોજનાની કામગીરી કરવામાં આવે છે. Digital Gujarat Portalમાં હાલ અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની આ સાથેના પત્રક-અ મુજબની રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની જુદી જુદી યોજનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

વધુમાં પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની માહિતી ચકાસતા ઘણા અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓની પ્રપોઝલ આચાર્યશ્રીઓ દ્વારા કરવામાં આવતી નથી તેવુ ધ્યાને આવેલ છે ખાસ કરીને પ્રાઇવેટ શાળાના વિદ્યાર્થીઓની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની દરખાસ્તો શાળાઓ દ્વારા મોકલવામાં નથી આવતુ તેવુ જણાય છે. આમ શૈક્ષણિક વર્ષ:૨૦૨૫-૨૬ માટે આ સાથેના પત્રક મુજબની યોજનાઓની દરખાસ્તો તમામ શાળાઓ દ્વારા (પ્રાઇવેટ શાળાઓ સહિત) સમયમર્યાદામાં ઓનલાઇન મોકલવામાં આવે તેમજ પાત્રતા ધરાવતા કોઇ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ/સહાયથી વંચિત ન રહી જાય તે માટે આપની કક્ષાએથી જિલ્લાની સંબધિત કચેરીઓને જરૂરી સૂચનાઓ આપવા વિનંતી છે.

નિયામક
અનુસુચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય ગાંધીનગર

બિડાણ: ઉપર મુજબ

નકલ રવાના:

- જિલ્લા નાયબ નિયામકશ્રી (અ.જા.ક.) જિ................. તમામ તરફ જાણ તેમજ શિક્ષણ વિભાગની જિલ્લા કચરીઓ સાથે સંકલનમાં રહી ઉક્ત કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવા તેમજ પ્રાઇવટ શાળાઓમાં પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને પણ શિષ્યવૃત્તિ મળી રહે તે માટે આનુષાંગિક કામગીરી કરવા સારૂ.

નકલ સવિનય રવાના:

- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર તરફ જાણ સારૂ.

શાખા-૨
20/9/25